વ્યાપાર

બુધવાર, તા. ૧૩-૩-૨૦૧૯

# એસબીઆઇનો ક્રાન્તિકારી નિર્ણય

## ડિપૉઝિટ ક્ષેત્રે હલચલ મચશે

સેવિંગ્સ ડિપૉઝિટના વ્યાજદરને રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા (આરબીઆઇ)ના રેપો રેટ સાથે સાંકળવાનો સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા (એસબીઆઇ)નો નિર્ણય અનેક રીતે ક્રાન્તિકારી અને બજારમાં હલચલ લાવનારો છે. અન્ય બૅન્કોને પણ જે માર્ગે ચાલ્યા વિના છૂટકો નથી એવા ૧ મેથી અમલી બનનારા આ નિર્ણય અનુસાર એસબીઆઇ એક લાખ રૂપિયાથી વધુ રકમની સેવિંગ્સ ડિપૉઝિટ પર એ દરે વ્યાજ ચૂકવશે જે પ્રવર્તમાન રેપો રેટથી ૨.૭૫ ટકા ઓછો હોય. અર્થાત, આરબીઆઇનો પ્રવર્તમાન રેપો રેટ ૬.૨૫ ટકા છે અને એ ચાલુ રહ્યો તો સેવિંગ્સ ખાતેદારોને અસરકારક વ્યાજદર ૩.૫૦ ટકા મળશે. વ્યાજદર ઘટાડાતરફી છે એથી આવતા મહિનાની નાણાનીતિની મિટિંગમાં રેપો રેટ વધુ ઘટ્યા તો સેવિંગ્સ ખાતેદારોને આનાથી પણ ઓછું વ્યાજ મળશે. જેમ રેપો રેટ ઘટશે એમ સેવિંગ્સ વ્યાજદર પણ ઘટતા રહેશે. આ નિર્ણયનું સ્વાગત એટલા માટે કરવું જોઈએ કે બૅન્કોના સેવિંગ્સમાં મોટી ડિપૉઝિટ રાખનારામાં સૂઝબૂઝપૂર્વકનો નાણાકીય નિર્ણય લેવાની સમજ કેળવાશે. તેઓ નાણાંનું રોકાણ ફિક્સ્ડ ડિપૉઝિટ સહિતનાં એવાં સાધનોમાં કરવા તરફ વળશે જે તેમને વધુ વળતર આપે.

એસબીઆઇના અધ્યક્ષ રજનીશકુમારે હમણાં એક મુલાકાતમાં ચોંકાવનારી વાત કહી કે બૅન્કના સેવિંગ્સ ખાતામાં એક લાખ રૂપિયાથી વધુ ડિપૉઝિટનું પ્રમાણ ૮૦ ટકા જેટલું છે. આનો અર્થ એ છે કે બહુમતી સેવિંગ્સ ખાતેદારોમાં નાણાંનું આયોજન કરવાની પૂરી સમજ નહીં હોવાથી તેઓ વધુ વળતર આપે એવા વિકલ્પ હોવા છતાં નાણાં ઓછું વળતર આપતા સાધનમાં રોકી રાખે છે. રેપો રેટ વધુ ઘટે અને તેમના વ્યાજદર વધુ ઘટે એવા સંયોગોમાં આ વર્ગ સમજદારીપૂર્વકનો

નિર્ણય લે તો તેમને વ્યાજમાં માર સહન કરવો ન પડે. મોટા ભાગના લોકો સેવિંગ્સ ખાતાનો ઉપયોગ વ્યાજની આવક મેળવવા માટે નહીં, પણ નાણાંની સલામતી અને તાકીદના સમયમાં ઉપાડ માટે કરે છે. સેવિંગ્સ ખાતામાં મોટી ડિપૉઝિટ રાખનારાએ તેમનો આ અભિગમ બદલવો જોઈએ. આ નિર્ણયનો લાભ વેપારી વર્ગને પણ થશે જેઓ તેમની ધંધાકીય જરૂરિયાત માટે કૅશ ક્રેડિટ અને ઓવરડ્રાફટ પર આધાર રાખે છે. બૅન્ક પાસેથી કૅશ ક્રેડિટ અને ઓવરડ્રાફટ જેવી ટૂંકા ગાળાની લોન લેનારને રેપો રેટ ઘટે એમ તેમને વ્યાજખર્ચમાં રાહત મળશે.

રિઝર્વ બૅન્ક દ્વારા વ્યાજદરમાં ઘટાડાનો લાભ બૅન્કો ગ્રાહકો સુધી પૂરો પહોંચાડતી નથી એવી ફરિયાદ ગવર્નર શક્તિકાન્ત દાસની જ નહીં, આગલા ગવર્નરોની પણ હતી. એનું નિવારણ દેશની સૌથી મોટી બૅન્કે કર્યું હોવાથી અન્ય બૅન્કોએ પણ વહેલુંમોડું એનું અનુકરણ કરવું પડશે. એસબીઆઇના આ પગલાની એને ખાસ અસર નહીં થાય, પણ એક સામાન્ય અસર એ થશે કે બૅન્કિંગ ક્ષેત્રે થોડા સમયમાં નાણાંનો પ્રવાહ સેવિંગ્સ ખાતામાંથી છૂટો થઈને ફિક્સ્ડ ડિપૉઝિટ, મ્યુચ્યુઅલ ફન્ડ્સ તરફ વળવાનું શરૂ થશે. એ પછી એ રિયલ એસ્ટેટ હોય, સોનું કે વીમા પ્રોડક્ટ્સ જે વધુ વળતર આપે. અન્ય ઋણ સાધનો સહિતનાં આ સાધનોમાં નાણાં વધુ આવવાથી એના વ્યાજદર ઘટી શકે છે. વ્યાજદરની એક સમતોલ અને તંદુરસ્ત પ્રક્રિયાનો આ રીતે આરંભ થશે.

નાણાબજારમાં એક રસપ્રદ સિનારિયો એ સર્જાઈ રહ્યો છે કે રેપો રેટ ઘટવાતરફી હોવાથી બૅન્કોના ડિપૉઝિટ અને ધિરાણ વ્યાજદર પણ ઘટી શકે છે ત્યારે અર્થતંત્રમાં ધિરાણ માટેની માગ વધી રહી હોવાથી બૅન્કોને મોટી ડિપૉઝિટની વધુ જરૂર પડશે. એટલે જરૂરી નથી કે રેપો રેટ ઘટવા સાથે ફિક્સ્ડ ડિપૉઝિટના વ્યાજદર પણ ઘટે. ઊલટું, મોટી ડિપૉઝિટ મેળવવા માટે બૅન્કો વચ્ચે સ્પર્ધા વધે એવી શક્યતા એક રેટિંગ એજન્સીનો અહેવાલ સૂચવે છે. આ એજન્સી અનુસાર બૅન્ક ડિપૉઝિટનો વર્ષાનુવર્ષ ધોરણે વૃદ્ધિદર ૯.૩ ટકાની સામે ધિરાણ માટેની માગ ૧૨.૯ ટકા રહી છે. વધુ ડિપૉઝિટ મેળવવા માટે એવી જાહેર ક્ષેત્રની બૅન્કોએ ખાનગી બૅન્કો સાથે સ્પર્ધામાં ઊતરવું પડશે જેમણે ડિપૉઝિટનો બજારહિસ્સો ગુમાવવો પડ્યો છે. સેવિંગ્સ ઍકાઉન્ટના વ્યાજદરને નિયંત્રણમુક્ત કરાયા પછી તમામ પીએસયુ બૅન્કોએ સંપી જઈને વ્યાજદર અગાઉના ચાર ટકાથી ઘટાડીને ૩.૫ ટકા કર્યા ત્યારે કોટક મહિન્દ્ર અને યસ બૅન્ક સહિતની કેટલીક ખાનગી બૅન્કોએ સેવિંગ્સ વ્યાજદર ફિક્સ્ડ ડિપૉઝિટની લગોલગ રાખ્યા હતા. આને લીધે આ પીએસયુ બૅન્કોનો બજારહિસ્સો છેલ્લાં પાંચ વર્ષમાં ઘટ્યો હતો.

આ સ્પર્ધા આગળ જતાં આક્રમક બનશે એમાં ફાયદો બન્ને પક્ષે છે, ડિપૉઝિટર્સ અને લોન લેનારને.